નં.જમીન/૧/વશી/૨૨૧૦/૨૦૧૭

કલેકટર કચેરી સાબરકાંઠા
હિંમતનગર તા.૨૫/૮/૧૭

O.I.G.S.



પ્રતિ,
આચાર્યશ્રી,
કેન્દ્રીય વિધાલય,
ઠે.મહેતાપુરા, વિજાપુર રોડ,
તા.હિંમતનગર જિ.સાબરકાંઠા

**વિષય ::** **મોજે : સવગઢ તા.હિંમતનગર**
કેન્દ્રીય વિદ્યાલય, હિંમતનગરને તેમને ફાળવવામાં આવેલ જમીનનો ૯૯ વર્ષ માટે ભાડાપટો વધારી આપવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જયભારત સહ જણાવવાનું કે, આપે તા.૩/૫/૨૦૧૭ની અરજીથી મોજે:સવગઢ તા.હિંમતનગર ખાતે રમતગમતના મેદાન માટે ૧૫ વર્ષના ભાડાપટ્ટે આપેલ જમીનનો ભાડાપટ્ટો ૯૯ વર્ષ માટે લંબાવી આપવા માંગણી કરેલ છે. પરંતુ આપના તા.૨૨/૭/૧૪ના હુકમ નં.જમીન/ભાડાપટો/વશી-૧૭૪૬/૧૪થી સદરહું ભાડાપટ્ટો તા.૨/૧૧/૦૭થી વધુ ૧૫ વર્ષ એટલે કે તા.૨/૧૧/૨૦૨૨ સુધી વધારી આપવામાં આવેલ છે. જે હુકમની શરત નં.૨ મુજબ ૧૫ વર્ષની મુદત પૂર્ણ થયેથી ભાડાપટો રીન્યું કરવા અંગેની અરજી કરવાની રહેશે. જેથી આપની માંગણી હાલમાં ગ્રાહય રાખવાપાત્ર ન હોઈ આપની અરજી દફતરે કરવામાં આવે છે જેની નોધ લેવા વિનંતી છે.

**નોધ ઉપર કલે.શ્રી.ના**
**આદેશાનુસાર**

**ચીટનીશ ટુ કલેકટર**
**સાબરકાંઠા હિંમતનગર**

**નકલ રવાના ::**
- મામલતદારશ્રી, હિંમતનગર તરફ (**કા.કા.સહ**) જાણ સારૂ.
- નાયબ કલેકટરશ્રી હિંમતનગર તરફ જાણ સારૂ.

Scanned by CamScanner